ક્રિમીનલ કેસ નં.        /

## આંકઃ૧ લગત હુકમ

૧) હાલના કામે ત.ક.અમલદારશ્રીએ આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા ૨૬૯ તથા ધી એપીડેમીક ડીસીઝ એક્ટની કલમ ૩ મુજબના ગુનાના કામે આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ કરેલ છે. ઉકત ચાર્જશીટ વંચાણે લેતા સરથાણા પોલીસ સ્ટેશનના પોલીસ કર્મચારીએ ઉકત પોલીસ સ્ટેશન ખાતે ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૫૪ મુજબનો પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરાવેલ છે.સદર પ્રથમ બાતમી અહેવાલ અનુસંધાને તપાસ કરનાર અમલદાર દ્વારા તપાસ અંગેની કાર્યવાહી કરીને ફોજદારી કાર્યવાહીસંહિતાની કલમ ૧૭૩ મુજબનો આખરી અહેવાલ (ચાર્જશીટ) રજુ રાખેલ છે.

૨) ઉકત હકીકતો અનુસંધાને ગુનાના સંજ્ઞાન અંગેની કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે ધ્યાને લઈએ તો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૦ મુજબ ફોજદારી કાર્યવાહી સંહિતાના પ્રકરણ ૧૪ ની જોગવાઈઓને આધિન મેજિસ્ટ્રેટ ગુનાનું સંજ્ઞાન લઈ શકે. વધુમાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ માં અમુક ચોકકસ ગુનાઓ અંગે સંજ્ઞાન લેવા અંગે વિશેષ જોગવાઈ કરેલ છે જે હાલના હુકમની સરળતા ખાતર અત્રે નોંધવામાં આવેલ છે.

S.195 Prosecution for contempt of lawful authority of public servants, for offences against public justice and for offences relating to documents given in evidence-

(1) **No Court shall take cognizance-**

(a) (i) of any offence punishable under sections 172 to 188 (both inclusive) of the Indian Penal Code (45 of 1860), or
(ii) of any abetment of, attempt to commit, such offence, or
(iii) of any criminal conspiracy to commit, such offence,
**except on the complaint in writing of the public servant concerned or of some other public servant to whom he is administratively subordinate;**
(b) (i) of any offence punishable under any of the following section of the Indian Penal Code (45 of 1860), namely, sections 193 to 196 (both inclusive), 199, 200, 205 to 211 (both inclusive) and 228, when such offence is alleged to have been committed in, or in relation to, any proceeding in any Court, or
(ii) of any offence described in section 463, or punishable under section 471, section 475 or section 476, of the said Code, when such offence is alleged to have been committed in respect of a document produced or given in evidence in a proceeding in any Court, or

(iii) of any criminal conspiracy to commit, or attempt to commit, or the abetment of, any offence specified in sub-clause (i) or sub-clause (ii),1[except on the complaint in writing of that Court or by such officer of the Court as that Court may authorise in writing in this behalf, or of some other Court to which that Court is subordinate].

( 2 ) Where a complaint has been made by a public servant under clause (a) of subsection (1) any authority to which he is administratively subordinate may order the withdrawal of the complaint and send a copy of such order to the Court; and upon its receipt by the Court, no further proceedings shall be taken on the complaint:

Provided that no such withdrawal shall be ordered if the trial in the Court of first instance has been concluded.

(3) In clause (b) of sub-section (1), the term "Court" means a Civil, Revenue or Criminal Court, and includes a tribunal constituted by or under a Central, provincial or State Act if declared by that Act to be a Court for the purposes of this section.

( 4 ) For the purposes of clause (b) of sub-section (1 ), a Court shall be deemed to be subordinate to the Court to which appeals ordinarily lie from appealable decrees or sentences of such former Court, or in the case of a civil Court from whose decrees no appeal ordinarily lies, to the principal Court having ordinary original civil jurisdiction within whose local jurisdiction such Civil Court is situate:

Provided that-

(a) where appeals lie to more than one Court, the Appellate Court of inferior jurisdiction shall be the Court to which such Court shall be deemed to be subordinate;

(b) where appeals lie to a civil and also to a Revenue Court, such Court shall be deemed to be subordinate to the a civil and also to a Revenue Court, such Court shall be deemed to be subordinate to the civil or Revenue Court according to the nature of the case or proceeding in connection with which the offence is alleged to have been committed.

ઉકત કાયદાકીય જોગવાઈ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૨ થી ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોઈપણ કોર્ટ સંબધિત અધિકારીની લેખીત ફરીયાદ વિના લઈ શકે નહી.

૩) વધુમાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૨(ડી) માં ફરીયાદ અંગેની વ્યખ્યા કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

2 (d) "complaint" means any **allegation made orally or in writing to a Magistrate,** with a view to his taking action under this Code, that some person, whether known or unknown, has committed an offence, **but does not include a police report.**

આમ, ઉકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતા મેજિસ્ટ્રેટ સમક્ષ કરવામાં આવેલ ફરીયાદમાં પોલીસ રીપોર્ટનો સમાવેશ થતો નથી.

૪) વધુમાં આ અંગે નામદાર સર્વોચ્ચ અદાલત ના C. Muniappan & OthersVersus State of Tamil Nadu ના 2010 9 SCC 567 ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ કોર્ટને લેખીત ફરીયાદ વિના ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ ના ગુનાનું સંજ્ઞાન લેતા અટકાવે છે. જે ચુકાદાના જરૂરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

"20. **Section 195(a)(i) Cr.PC bars the court from taking cognizance of any offence punishable under Section 188 IPC or abetment or attempt to commit the same, unless, there is a written complaint by the public servant concerned for contempt of his lawful order.** The object of this provision is to provide for a particular procedure in a case of contempt of the lawful authority of the public servant. The court lacks competence to take cognizance in certain types of offences enumerated therein. The legislative intent behind such a provision has been that an individual should not face criminal prosecution instituted upon insufficient grounds by persons actuated by malice, ill-will or frivolity of disposition and to save the time of the criminal courts being wasted by endless prosecutions. **This provision has been carved out as an exception to the general rule contained under Section 190 Cr.PC that any person can set the law in motion by making a complaint, as it prohibits the court from taking cognizance of certain offences until and unless a complaint has been made by some particular authority or person.** Other provisions in the Cr.PC like sections 196 and 198 do not lay down any rule of procedure, rather, they only create a bar that unless some requirements are complied with, the court shall not take cognizance of an offence described in those Sections. (vide Govind Mehta v. The State of Bihar, AIR 1971 SC 1708; Patel Laljibhai Somabhai v. The State of Gujarat, AIR 1971 SC 1935; Surjit Singh & Ors. v. Balbir Singh, (1996) 3 scc 533; State of Punjab v. Raj Singh & Anr., (1998) 2 scc 391; K. Vengadachalam v. K.C. Palanisamy & Ors., (2005) 7 scc 352; and Iqbal Singh Marwah & Anr. v. Meenakshi Marwah & Anr., AIR 2005 SC 2119).

આમ, ઉપર મુજબના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને કાયદાકીય જોગવાઈ મુજબ કોર્ટ લેખીત ફરીયાદ વિના ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન લઈ શકે નહી.

૫) આ ઉપરાંત નામદાર મદ્રાસ હાઈકોર્ટ દ્વારા Shamsul Huda Bakavi S/o Abdul Karim v/s State rep by its The Inspector of Police, Vellore North Police Station, Vellore. ના કામે CRL. O.P. No. 9487 of 2020 and CRL. M.P. Nos. 4258 & 4259 of 2020 ના ચુકાદામાં નોંધેલ છે કે, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ હેઠળના ગુનામાં પોલીસ અધિકારીની કામગીરી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૧ હેઠળ મળેલ સત્તાથી આરોપીને ગુનો કરતા અટકવવા સારૂ કાર્યવાહી કરી સંબધિત સત્તા મંડળને આ અંગે જાણ કરવાની રહે અને જે સત્તા મંડળના જાહેરનામા/આદેશનો ભંગ થયેલ હોય તેના દ્વારા સંબધિત અદાલતમાં લેખીત ફરીયાદ રજુ કરવામાં આવે. સદર ચુકાદાના જરૂરી પેરા સરળતા ખાતર અત્રે નોંધેલ છે.

8. The learned counsel for the petitioner relied upon a judgement in Mahaboob Basha Vs. Sambanda Reddiar and others reported in 1994(1) Crimes, Page 477. He also relied upon a judgment in a batch of quash petitions, reported in 2018-2-L.W. (Crl.) 606 in Crl.O.P. (MD)No. 1356 of 2018, dated 20.09.2018 in the case of Jeevanandham and others Vs. State rep. by the Inspector of Police, Karur District, and this Court held in Paragraph-25, as follows :-

"25.In view of the discussions, the following guidelines are issued insofar as an offence under Section 188 of IPC, is concerned:

a) A Police Officer cannot register an FIR for any of the offences falling under Section 172 to 188 of IPC.

b) A Police Officer by virtue of the powers conferred under Section 41 of Cr.P.C will have the authority to take action under Section 41 of Cr.P.C., when a cognizable offence under Section 188 IPC is committed in his presence or where such action is required, to prevent such person from committing an offence under Section 188 of IPC.

**c) The role of the Police Officer will be confined only to the preventive action as stipulated under Section 41 of Cr.P.C and immediately thereafter, he has to inform about the same to the public servant concerned/authorised, to enable such public servant to give a complaint in writing before the jurisdictional Magistrate, who shall take cognizance of such complaint on being prima facie satisfied with the requirements of Section 188 of IPC.**

d) In order to attract the provisions of Section 188 of IPC, the written complaint of the public servant concerned should reflect the following ingredients namely;

i) that there must be an order promulgated by the public servant;

ii) that such public servant is lawfully empowered to promulgate it;

iii) that the person with knowledge of such order and being directed by such order to abstain from doing certain act or to take certain order with certain property in his possession and under his management, has disobeyed; and
iv)that such disobedience causes or tends to cause;
(a) obstruction,annoyance or risk of it to any person lawfully employed; or
(b) danger to human life, health or safety; or (c) a riot or affray.
e) The promulgation issued under Section 30(2) of the Police Act, 1861, must satisfy the test of reasonableness and can only be in the nature of a regulatory power and not a blanket power to trifle any democratic dissent of the citizens by the Police.
f) The promulgation through which, the order is made known must be by something done openly and in public and private information will not be promulgation. The order must be notified or published by beat of drum or in a Gazette or published in a newspaper with a wide circulation.
g) No Judicial Magistrate should take cognizance of a Final Report when it reflects an offence under Section 172 to 188 of IPC. An FIR or a Final Report will not become void ab initio insofar as offences other than Section 172 to 188 of IPC and a Final Report can be taken cognizance by the Magistrate insofar as offences not covered under Section 195(1)(a)(i) of Cr.P.C.
h) The Director General of Police, Chennai and Inspector General of the various Zones are directed to immediately formulate a process by specifically empowering public servants dealing with for an offence under Section 188 of IPC to ensure that there is no delay in filing a written complaint by the public servants concerned under Section 195(1)(a)(i) of Cr.P.C.
9. In the case on hand, the First Information Report has been registered by the respondent police for the offences under Sections 143 and 188 IPC. He is not a competent person to register FIR for the offences under Section 188 of IPC. As such, the First Information Report or final report is liable to be quashed for the offences under Section 188 of IPC. Further, the complaint does not even state as to how the protest formed by the petitioner and others is an unlawful protest and does not satisfy the requirements of Section 143 of IPC. Therefore, the final report cannot be sustained and it is liable to be quashed.
10. Accordingly, the proceedings in Crime No.67 of 2020 on the file of the respondent police, is quashed and the Criminal Original Petition is allowed. Consequently, connected miscellaneous petitions are closed.

૬) આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા Criminal Misc. Application no. 24632 of 2015 ના કામે Govardhankumar Thakoredas Asrani v/s State of Gujarat & 1. Decided on 13.04.2017 ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબના ગુના સબબ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ અંગે નોંધેલ છે કે, જાહેર સેવકની ફરીયાદ સિવાય પોલીસ રીપોર્ટ પરથી ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબના ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહી. તેમજ જ્યારે એક જ વ્યવહારમાંથી જો અન્ય કોઈ ગુનો પણ બનતો હોય ત્યારે પણ ૧૯૫ ની જોગવાઈઓ ને બાય-પાસ કરી કેસની કાર્યવાહી આગળ ચલાવી શકાય નહી.

Para 39. "It is true that section 195 of the Code does not bar the trial of an accused for a distinct offence disclosed by the same set of facts and is not so stated therein. Section 195 also does not provide further that if in the course of the commission of that offence, the other distinct offences are committed, the court concerned is debarred from taking cognizance in respect of those offences as well. **However, if the perusal of the first information report and other papers of the charge-sheet makes it clear that the offence under sections 186 or 188 of the IPC, as the case may be, is closely interconnected with the other distinct offences and cannot be split up, then, in such circumstances, the bar of section 195 of the Cr.P.C. will apply to such other distinct offences also."**

Para 46:

"In some of the applications before me, the only offence is either section 186 or 188 of the IPC. In such type of cases, there should not be any difficulty in quashing the prosecution in view of the bar of section 195 of the Cr.P.C. However, there are few cases on hand, in which, over and above sections 186 or 188 of the I.P.C, the other offences are also there which are not covered under section 195 of the Cr.P.C. It is only in such cases, the court has to be careful. I have noticed that in some of the cases, there is a charge of section 353 of the IPC along with section 186 of the IPC. I am of the view that the very act of obstruction lies in the alleged assault and use of criminal force. In truth and substance, such an offence would fall in the category of sections mentioned in section 195 of the Code and it is not open to bypass its provisions even by choosing to prosecute under section 353 of the IPC only. **There is no scope, in any of the matters on hand, having regard to the materials on record, to split up the offences so as to avoid the bar of section 195 of the Cr.P.C as all the offences can be said to have been committed in the course of one transaction.** All the offences can be said to have been an integral part of one transaction."

**Para 57:**

**"**For the foregoing reasons, all the applications succeed and are hereby allowed. The proceedings of the criminal cases, referred

to in the earlier part of the judgment, pending in the different courts, are hereby ordered to be quashed. The first information reports, which are yet to culminate in a chargesheet, are also hereby ordered to be quashed. It is clarified that it shall be open to the State to file fresh proceedings against the applicants by following the procedure prescribed by law. If the issue, as regards the limitation, as prescribed under section 468 of the Cr.P.C., crops up, then the court concerned shall consider the provisions of section 473 of the Cr.P.C. Rule is made absolute to the aforesaid extent in each of the cases.”

૭) આમ, ઉપરોકત તમામ કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબના ગુનાની સંબધિત જાહેર સેવક કે જેઓના હુકમનો ભંગ કરવામાં આવેલ હોય તે જાહેર સેવકની લેખીત ફરીયાદ વગર સદર ગુનાનું સંજ્ઞાન કોર્ટ લઈ શકે નહિ કે કાર્યવાહી આગળ ચલાવી શકે નહી. વધુમાં અન્ય ગુનો પણ જો એક જ વ્યવહારમાંથી બનેલ હોય અને તેને અલગ કરી શકાય તેમ ના હોય તેવા કિસ્સામાં સદર ગુનાને પણ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ ની જોગવાઈઓનો બાધ નડશે.

૮) આમ, ઉકત તમામ કાયદાકીય ચર્ચાઓને અંતે હાલના કેસનું રેકર્ડ ધ્યાને લેતા હાલનો કેસ ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૫૪ મુજબ પ્રથમ બાતમી અહેવાલ નોંધી અને તપાસ કરનાર અમલદારે ચાર્જશીટ દાખલ કરેલ છે. વધુમાં ફરીયાદ તથા પેપર્સ વંચાણે લેતા ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૯ તથા ધી એપીડેમીક ડીસીઝ એક્ટની કલમ ૩ મુજબનો ગુનો પણ એક જ વ્યવહારમાંથી ઉદભવેલ છે અને સદર ગુનાને કલમ ૧૮૮ ના ગુનાથી અલગ તારવી શકાય તેમ નથી. વધુમાં ધી એપીડેમીક ડીસીઝ એક્ટની કલમ ૩ હેઠળના ગુનાની સજા અંગે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. આથી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ની જોગવાઈઓ બાય–પાસ કરી કાર્યવાહી આગળ ચલાવી શકાય તેમ નથી. આમ, ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૫ મુજબની કાયદાકીય જોગવાઈઓનુ પાલન કરવામાં આવેલ હોવાનુ ફલીત થતુ નથી. આથી, હાલના આખરી અહેવાલ(ચાર્જશીટ)ના આધારે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ , ૨૬૯ તથા ધી એપીડેમીક ડીસીઝ એક્ટની કલમ ૩ મુજબના ગુનાનું સંજ્ઞાન લઈ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી કાયદા મુજબ યોગ્ય અને ન્યાયી જણાતુ નથી. આથી, હાલના આખરી અહેવાલ(ચાર્જશીટ) ના આધારે આગળની ઈન્સાફી કાર્યવાહી પડતી મુકવા નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:હુકમ:–**

1. હાલના આખરી અહેવાલ(ચાર્જશીટ) ના આધારે ઉત્પન થયેલ ઈન્સાફી કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૧૯૫ ની જોગવાઈઓથી બાધીત હોય ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૧૯૦ મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ શકાય તેમ ના હોઈ આગળની કાર્યવાહી ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૫૮ હેઠળ પડતી મુકી હાલના આરોપીને સદર કેસમાંથી ડીસ્ચાર્જ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

2. વધુમા સદર કેસના ફરીયાદીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૩૦૦(૫) અન્વયે હાલના કેસના આરોપીની સામે આખરી અહેવાલમાં જણાવેલ ગુના હેઠળ ફરીથી અત્રેની અદાલતમાં ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨(ડી) માં જણાવ્યા મુજબની ફરીયાદ કરવાની પરવાનગી આપવામાં આવે છે.
3. સદર કેસમાં જો કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોય તો તેનો ક્રીમીનલ મેન્યુઅલ ની જોગવાઈઓ અનુસરીને નિકાલ કરવો.

હુકમ આજરોજ નેશનલ લોક અદાલત ની સ્પેશીયલ સીટીંગ માં જાહેર કર્યો.

તા.૧૫.૦૪.૨૦૨૧ ( યોગિતા શર્મા)
સ્થળ: સુરત જ્યુડી.મેજી.ફ.ક,(આઠમી કોર્ટ)
જજ કોડ: જીજે૦૧૫૨૯